# વિશ્વ રંગભૂમિ દિન, ૨૦૧૬નો સંદેશો

## આદિકાળથી  અનંત કાળ સુધીનું થિએટર

જરૂર છે આપણને થિએટરની ?

થિયેટરથી નિરાશ થયેલા હજારો રંગકર્મીઓ અને બીજા કંટાળેલા લાખો લોકો આ પ્રશ્ન પૂછી રહ્યા છે : 'જરૂર છે આપણને થિએટર ની ?'

અને શા માટે જરૂર છે ?

શહેરોનાં મોટાં મોટાં મેદાનોમાં અને લોકમંચોમાં વાસ્તવિક જીવનની જે ખરેખરી કરુણિકાઓ ભજવાય છે એની સરખામણીએ તખ્તાનાં દશ્યોઓનું કંઇ મહત્ત્વ રહેતું નથી.

આપણે માટે એનું મૂલ્ય શું છે ?

થિએટરોની રંગીન ગેલેરીઓમાં અને વિશાળ બાલ્કનીઓમાં, વેલ્વેટની આરામ ખુરશીઓમાં જર્જરિત વિંગોમાં,  અભિનેતાઓના સૂરીલા અવાજો કે બેસૂરા અવાજોની વચ્ચે કે કાંઇક માટી અને લોહીથી તરબતર કાળાં બોક્ષ અને એની અંદર નગ્ન માનવ શરીરોનાં એ દશ્યો તો જુદાં જ તરી આવશે. . . .

અને એ બધાનો અર્થ શું નીકળે ?

એનો અર્થ તો એ કે થિએટર આપણને એ બધું કહી શકે- આપણી આંખો ખોલી શકે. . . .  !

સ્વર્ગમાં દેવો કેવી રીતે વસે, અને વિસરાયેલી ભૂગર્ભ કોટડીઓમાં કેદીઓ કેવી રીતે જીવે, આપણામાં ઝનૂનનો કેવી રીતે સંચાર થાય, પ્રેમમાં આપને કેવાં તરફડીએ, આ જગતમાં સારી વ્યક્તિની કોઇને જરૂર કેમ નથી, વિશ્વાસઘાતો આપણે કે સહન કરી લઇએ છીએ, લોકો નાના ફ્લેટોમાં સાંકડમોકડ કેવી રીતે રહી શકે, નિરાશ્રિતોની છાવણીઓમાં બાળપણ કેવાં છીનવાય, પછી એ બધું જ નિર્જળા રણમાં કેવી રીતે પલટાઇ જાય છે અને અંતે આપણાં લાડકાં લોકોથી જ આપણે કેવાં વિખૂટાં પડી જઇએ છીએ – આટલી આ બધી વાતો – આવું આખું જગત થિએટરથી આપની સામે ખૂલે છે. . . .

આદિકાળથી આ  જ થિએટર છે અને  અનંતકાળ સુધી એ જ રહેશે . . . .

ગયાં મહત્ત્વનાં સાઇઠ-સિત્તેર વર્ષોની બધી જ જાહેર કલાઓ વિશે જો વિચારીએ તો થિએટર આપણને શું આપે છે તે સમજાઇ જશે, તે શબ્દ અને વાણીથી, આંખના પલકારા અને ઈશારાથી, હાથ કે આખા શરીરની મુદ્રાઓથી આપણને સમજાવે છે. માનવીઓની વચ્ચે આવા તંતુ બાંધવામાં એને બીજા કોઇ માધ્યમની જરૂર પડતી નથી. એ સ્વયં પ્રકાશિત છે, એ ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમમાં બંધાઇ રહેતો નથી, કારણ કે એ પ્રકાશ ખુદ છે. જગતના ખૂણે ખૂણેથી એવી રીતે આવતો કે કોઇપણને એ આંખના પલકારામાં સમજાઇ જાય. . .

આપણે આવા જુદા પ્રકારના અને જાતજાતના થિએટરોની આપણને જરૂર છે.

અને છતાં બધા પ્રકારના અને આકારોના થિએટર માંથી જે સૌથી પ્રાથમિક થિએટરનો પ્રકાર છે એની આપણે જરૂર છે. થિએટરનું જે કર્મકાંડી રૂપ હતું એને કહેવાતા શિષ્ટ થિએટરની સરખામણીએ અકારણ અવગણવું ન જોઇએ. કહેવાતું નિરપેક્ષ થિયેટર કે સાંસ્કૃતિક માહિતીનું થિએટર આપણા સાદા-સરળ થિએટરને ધીરે-ધીરે હાંકી કાઢી રહયું છે.

પણ હવે મને સ્પષ્ટ દેખાય છે કે થિએટર જ એનાં બારણાં ઉઘાડી રહયું છે જેમાં દરેકને અને એકેએકને મુક્ત પ્રવેશ મળે. . .

પેલાં બધાં યંત્રો અને કોમ્પ્યુટરોને ગણશો જ નહીં, થિએટરમાં મુક્તપણે તમે ગમે ત્યાં બેસી ત્યાં સંભળાતા શબ્દો અને દેખાતાં દશ્યો નિહાળો- અને માણો – એ આપણું થિએટર છે. એના તરફ પીઠ ફેરવ્યા વિના જઇને  આવડે એવો ભાગ લેવા માંડો. કારણ કે આજના અમુક પ્રકારના વ્યર્થ જીવનમાં એ સૌથી કિંમતી તક છે.

આપણને દરેક પ્રકારના થિએટરની જરૂર છે.

માત્ર એક જ પ્રકારનું થિએટર કોઇને જોઇતું નથી. અને એ થિએટર છે -  રાજ રમતોનું, રાજકીય રમખાણોનું થિએટર – જ્યાં રોજિંદો વ્યકિતગત કે સામૂહિક આંતક ફેલાવતો હોય એવા થિએટરની કોઇને જરૂર નથી, આપણાં પાટનગરોમાં મૂડદાંની દુર્ગંધ આવે અને શહેરોનાં મેદાનો અને શેરીઓ લોહીથી ખરડાયેલા હોય- જ્યાં ધર્મ કે જાતિઓ વચ્ચે લોહીયાળ સંઘર્ષો ફેલાવાતા હોય. . . .

-   એવા  થિએટરની કોઇને,  ના, કોઇને  જરૂર નથી. . .!

મૂળ રૂસી : અનાતોલી વાસિલ્યેવ

ગુજ. અનુવાદ : હસમુખ બારાડી